eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 70
22 Sept., 2006

## " અત્યારનું સુરત રેલ આવ્યા પહેલાના સુરત કરતા વધુ સ્વચ્છ અને વ્યવસ્થિત લાગ્યું "

સુરતની પૂરની પરિસ્થિતિ બાદ સહાયકાર્ય અર્થે હું પોતે પણ તા. ૧૭–૮–૦૬ થી તા. ૧૯–૮–૦૬ સુધી સુરત શહેરમાં જ હતો. જે ઝડપે ગુજરાત સરકાર, સ્થાનિક મ્યુનિસિપાલિટી તેમજ અન્ય કંપનીઓ અને સેવાભાવી સંસ્થાઓએ કામગીરી કરી તે જોઈ હું પોતે તેમજ હું જે લોકોને મળ્યો તે બધા જ આશ્ચર્યચકિત રહી ગયા. હું શરત મારીને કહેવા તૈયાર છું કે, અત્યારનું સુરત રેલ આવ્યા પહેલાના સુરત કરતાં વધુ સ્વચ્છ અને વ્યવસ્થિત લાગ્યું.

વધુ માટે કલીક કરો >>>>>>

## જેસીબી અને ડમ્પરોનો અવાજ ગમવા લાગ્યો છે

તા. ૧૮મી ઓગષ્ટ ૨૦૦૬–સુરત : શુક્રવાર શહેરના પોશ વિસ્તાર અઠવાલાઈન્સમાં પ્રકાશ સોસાયટીમાં આલિશાન બંગલામાં ઈન્ટેલિજન્સ ગાઈડન્સ નામે કોચિંગ કલાસ ચલાવતા અને કોમર્સના વિદ્યાર્થીઓમાં આઈ.જી.સર તરીકે જાણીતા ઈશ્વરભાઈ પટેલ કડક શિસ્તના અને પીન ડ્રોપ સાયન્સના આગ્રહી છે. સામાન્યતઃ તેમને સોસાયટીમાંથી પસાર થતા વાહનોનો અવાજ પણ તેમને ખલેલ પહોંચાડે છે, પણ પૂરના પાણી ઓસર્યાના ત્રીજા દિવસથી તેમના વિસ્તારમાં જામેલા કાદવ–કીચડના થર ઉલેચવા આવી પહોંચેલા ૪૦–૫૦ ડમ્પર, જેસીબી તથા ટ્રકોનો ઘોંઘાટ હવે તેમને કર્ણપ્રિય લાગે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતને બદનામ કરવું કે તેની આબરૂ વધારવી એ હવે સુરતની પ્રજાના હાથમાં છે

૧૯૯૪ના એ ગોઝરા સપ્ટેમ્બરે વિશ્વની ક્ષિતિજોએ સુરતને લગાડેલા બદનામીના દાગ શું ફરીથી તાજા કરવા છે?
સુરતને બદનામ કરવું કે તેની આબરૂ વધારવી એ હવે સુરતની પ્રજાના હાથમાં છે :
તા. ૨૫ મી ઓગષ્ટ ૨૦૦૬–સુરત : શુક્રવાર મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ગીચ જંગલો પસાર કરીને, કાળમીંઢ ખડકોની છાતી ચીરતી, પોતાના પ્રિયતમ અરબી સમુદ્રના આગોશમાં સમાવા માટે ધસમસતી આવતી પુણ્ય સલીલા સૂર્યપુત્રી તાપી નદીના ઉન્મત રૌદ્ર સ્વરૂપે ખૂબસુરત સુરતની સિકલ બદલી નાખી છે. ખમીરવંતા સુરતી માનવીએ તાપી નદીનું આટલું ભયાનક રૂપ ભૂતકાળમાં કયારેય દીઠું નથી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરે પુનઃ કલીન સીટી બનવા તરફ દોટ મૂકી હજારો અધિકારીઓ/કર્મચારીઓએ રોગ પ્રતિકારક દવાઓ ખાઈને હાથધરેલી સફાઈ ઝુંબેશ રંગ લાવી

તા. ૨૮મી ઓગષ્ટ ૨૦૦૬–સુરત : સોમવાર પ્રલયકારી પૂરની આપત્તિનો ભોગ બનેલા સૂરતને ફરીથી તેની અસલી કલીન સિટીની પહેચાન પાછી અપાવવાના વહીવટી તંત્રએ આપેલા કોલને પાળવા તંત્રએ આપેલા કોલને પાળવા તંત્રએ તેની તમામ તાકાત કામે લગાડી દીધી છે, અને આજે સુરતમાં બહારથી આવનાર ટૂરિસ્ટને જો કોઈ એક કહે કે, થોડા દિવસો પહેલાં આ શહેર પાંચ ફૂટથી માંડીને ૧૫ ફૂટ જેટલા પાણીમાં ત્રણ દિવસ સુધી ગરકાવ રહ્યું હતું, તો આ કહેનારને તે પાગલ સમજીને હસી કાડે તો નવાઈ પામવા જેવું નથી, તાપી મૈયાએ વેરેલા વિનાશમાંથી આ શહેર ફરીથી ફિનિકસ પંખીની માફક બેઠું થઈ રહયું છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પિતાજીનું અવસાન અને પોતાની માંદગી પણ એની ફરજમાં રૂકાવટ ન બની શકીઃ મહાનગરપાલિકાના અનંતની ફરજ પરસ્તીને સલામ

તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૦૬–સુરત : ગુરૂવાર આમ તો સુરત મહાનગરપાલિકાના ગંજાવર પ્રશાસનનો એ નાનકડો હિસ્સો છે. પાલિકાના આરોગ્ય વિભાગમાં સેનિટરી સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. તા. ૭મી ઓગષ્ટે શહેરમાં ધસમસતા પૂરના પાણી ચારે દિશામાંથી પ્રવેશી રહ્યા હતા, તે દિવસે જ માંદગીમાં સપડાયેલા અનંત ક્રિશ્રિયનને હોસ્પિટલમાંથી રજા મળી હતી. શરીરમાં માંદગીની અસર અને ભારે કમજોરી મહેસૂસ કરતા અનંતે પત્ની ઉષાકિરણના તેને વારવાના અનેક પ્રયાસો છતાં બીજે જ દિવસે ફરજની વાટ પકડી, ડયુટી હતી હજીરા પાસે ખુલ્લી જગ્યા પર હજજારો ટન ગંદકીના ઢગલા વ્યવસ્થિપણે ઠલવાયું તેનું આયોજન નિરીક્ષણ કરવાની, મહાપાલિકાની એ કામચલાઉ વ્યવસ્થા હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## " અત્યારનું સુરત રેલ આવ્યા પહેલાના સુરત કરતા વધુ સ્વચ્છ અને વ્યવસ્થિત લાગ્યું "

સુરતની પૂરની પરિસ્થિતિ બાદ સહાયકાર્ય અર્થે હું પોતે પણ તા. ૧૭–૮–૦૬ થી તા. ૧૯–૮–૦૬ સુધી સુરત શહેરમાં જ હતો. જે ઝડપે ગુજરાત સરકાર, સ્થાનિક મ્યુનિસિપાલિટી તેમજ અન્ય કંપનીઓ અને સેવાભાવી સંસ્થાઓએ કામગીરી કરી તે જોઈ હું પોતે તેમજ હું જે લોકોને મળ્યો તે બધા જ આશ્ચર્યચકિત રહી ગયા. હું શરત મારીને કહેવા તૈયાર છું કે, **અત્યારનું સુરત રેલ આવ્યા પહેલાના સુરત કરતાં વધુ સ્વચ્છ અને વ્યવસ્થિત લાગ્યું.**

કમનસીબે દૈનિક સમાચારપત્રોમાં ખુબ જ બેદરકાર અને નકારાત્મક અહેવાલો જોઈ મને ખુબ જ દુઃખ થયું. સુરત જેવા મહાનગરને માત્ર ચાર–પાંચ દિવસમાં જ ફરી બેઠું અને ધમધમતુ કરવા અતિ ભગીરથ કામગીરીની જરૂર પડે, જેનો સંપૂર્ણ શ્રેય મારી દ્રષ્ટિએ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જવો જોઈએ.

આ પત્ર લખવા પાછળનો મારો હેતુ એ જ છે કે, જે લોકોએ સુરતને બેઠું થવામાં દિલોજાનથી મહેનત કરી એમના પ્રત્યે સુરત કૃતજ્ઞતા બતાવે. કમસેકસ શહેરમાં થોડા હોર્ડિંગબોર્ડ પર જાહેર આભારનો સંદેશો જરૂર મૂકાવવો જોઈએ જ. જો આપનું શહેર આ પ્રથા અપનાવે તો કામ કરનાર દરેકને ભવિષ્યમાં જયાં જરૂર પડે ત્યાં આથી પણ મોટું યોગદાન આપવાની પ્રેરણા મળશે, તેમજ બેજવાબદાર ટીકાકારો અને સમાચારપત્રોનું મોઢું સિવાઈ જશે.

આભાર.......

**અહેવાલ :–**
સમીર પુરોહિત,
૫૩/૬૩૨, ચાંદની એપાર્ટમેન્ટ,
સોલારોડ, અમદાવાદ–૬૩.
( ફોન નં. ૨૭૪૫ ૦૨૫૨ )
તા. ૨૧–૦૮–૨૦૦૬

TOP

# જેસીબી અને ડમ્પરોનો અવાજ ગમવા લાગ્યો છે

## અમારી સોસાયટી ચોખ્ખી ચણાક થઈ ગઈ છે :

## અઠવાલાઈન્સ ઈશ્વરભાઈ પટેલે ઘરમાં ૩૫ જણાને આશ્રય આપ્યો :

**સુરત : શુક્રવાર** શહેરના પોશ વિસ્તાર અઠવાલાઈન્સમાં પ્રકાશ સોસાયટીમાં આલિશાન બંગલામાં ઈન્ટેલિજન્સ ગાઈડન્સ નામે કોચિંગ કલાસ ચલાવતા અને કોમર્સના વિદ્યાર્થીઓમાં આઈ.જી.સર તરીકે જાણીતા ઈશ્વરભાઈ પટેલ કડક શિસ્તના અને પીન ડ્રોપ સાયન્સના આગ્રહી છે. સામાન્યતઃ તેમને સોસાયટીમાંથી પસાર થતા વાહનોનો અવાજ પણ તેમને ખલેલ પહોંચાડે છે, પણ પૂરના પાણી ઓસર્યાના ત્રીજા દિવસથી તેમના વિસ્તારમાં જામેલા કાદવ–કીચડના થર ઉલેચવા આવી પહોંચેલા ૪૦–૫૦ ડમ્પર, જેસીબી તથા ટ્રકોનો ઘોંઘાટ હવે તેમને કર્ણપ્રિય લાગે છે.

પ્રશાસન ધ્વારા સોમવારે પાણી આવવાની ચેતવણી મળતા આશ્ચર્ય થયું, કારણ કે સામાન્યતઃ મૂશળધાર વરસાદ પડે એટલે તેમની સોસાયટીમાં કમર સમાણા પાણી ભરાયા હોય જ. સોમવારે લોકો 'પૂર' આવ્યાની બૂમો પાડતા હતા પણ સોસાયટીમાં પાણી આવ્યું ન હતું. ટાંકીમાં પાણીનો પૂરતો સંગ્રહ તો કરી લીધો હોત મધરાતે પાણી ચઢવા માંડયુ અને આજુબાજુના એક માળના બંગલામાં રહેતા લોકો તેમના ઘરે આશ્રય માટે આવી પહોંચ્યા. પ્રચંડ વેગથી શહેરમાં પ્રવેશેલા પૂરના ધસમસતા પાણીએ તેમની કારો તથા ભોંયતળિયાની ઓફિસની સામગ્રીને બરબાદ કરી નાખી. ૪૫ જણાએ ધાબા પર ફફડતા જીવે રાત પસાર કરી. ૪૫ જણાની રસોઈની વ્યવસ્થા થઈ તો ગઈ. બીજા જ દિવસથી ટાંકીનું પાણી ખૂટી પડયું. વીજળી–પાણી વગર ત્રણ દિવસ જેમ તેમ એકબીજાની હૂંફે પસાર કર્યા. પાણી ઓસરતા કાદવ–ખૂંદતા મિત્રો સ્નેહીઓને ખબરઅંતર પૂછવા દોડયા.

તાપીના ધસમસતા પૂરે આખા શહેરમાં બે થી ત્રણ ફૂટના કાદવ–કાંપના થર પ્રસરાવી દીધા હતા. સમગ્ર શહેર ગંદકીથી ખદબદી રહયું હતું. આઈ.જી.ને થયું આ ગંદકી તો એક મહિનામાં ય નહીં દૂર થાય, સમગ્ર માહોલમાં હતાશામય હતો, પણ ત્રીજા જ દિવસે ચાળીસ–પચાસ જેસીબી, ડમ્પર્સ, ટ્રેકટરોનો કાફલો વિસ્તારમાં ફરી વળ્યો. ગંદકી ઉલેચવાથી થતી દુર્ગંધ અસહય હતી પણ વાહનોની ઘરઘરાટી અને ઉલેચાતી ગંદકી મનને ગમતી હતી.

ઈશ્વરભાઈ કહે છે, આજે અઠવાલાઈન્સમાંથી નેવું ટકા ગંદકી સાફ થઈ ગઈ છે. સાચું કહું, ઘરની નીચેથી પસાર થતા ઘોંઘાટ મને ગમતો ન હતો, પણ ગંદકી ઉલેચતા વાહનોની ઘરઘરાટી મને ખૂબ ગમે છે. આઈ.જી. ઉમેરે છે.: " શહેરે અનુભવેલી આ ભયાનક યાતના અભૂતપૂર્વ હતી અને માનવજાત માટે એક કપરા પડકાર સમાન હતી. મારા મહોલ્લાની સોસાયટીઓમાં ગંદકી સૌ પ્રથમ દૂર થાય તેવી માનસિકતા છોડીએ, તો શહેરમાં કામ ખૂબ ઝડપથી, ચોકસાઈથી અને અખબારી ભાષામાં કહું તો યુધ્ધના ધોરણે થઈ છે. તંત્ર પ્રયાસ તો કરે છે જ, નાગરિકો દિલથી સહકાર આપે તો કેવા અકલ્પનીય પરિણામો આવી શકે, તે માટે આ શહેરે બીજું કોઈ ઉદાહરણ લેવાની જરૂર છે ખરી?"

ooooo

અહેવાલ :– સેસિલ ક્રિસ્ટી, ગુજરાત માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, સુરત.

TOP

# ઈફ યુ આર વિઝિટિંગ ઈન્ડિયા
# ધેર ઈઝ નો પ્રોબ્લેમ
# બટ ઈઝ યુ આર વિઝિટિંગ સુરત યુ મસ્ટ બી કેર ફુલ

**૧૯૯૪ના એ ગોઝરા સપ્ટેમ્બરે વિશ્વની ક્ષિતિજોએ સુરતને લગાડેલા બદનામીના દાગ શું ફરીથી તાજા કરવા છે? સુરતને બદનામ કરવું કે તેની આબરૂ વધારવી એ હવે સુરતની પ્રજાના હાથમાં છે :**

**સુરત : શુક્રવાર** મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ગીચ જંગલો પસાર કરીને, કાળમીંઢ ખડકોની છાતી ચીરતી, પોતાના પ્રિયતમ અરબી સમુદ્રના આગોશમાં સમાવા માટે ધસમસતી આવતી પુણ્ય સલીલા સૂર્યપુત્રી તાપી નદીના ઉન્મત રૌદ્ર સ્વરૂપે ખૂબસુરત સુરતની સિકલ બદલી નાખી છે. ખમીરવંતા સુરતી માનવીએ તાપી નદીનું આટલું ભયાનક રૂપ ભૂતકાળમાં કયારેય દીઠું નથી.

પૂરના ધસમસતા પાણી ઓસર્યા બાદ આશ્ચર્યચકિત થઈ જવાય એટલી ઝડપે સુરતના સમુત્ક્રાંતિ ચક્રએ ફરીથી તેની ગતિ પકડી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતની પ્રજાને આપેલો વાયદો નિભાવીને પ્રશાસને શહેરને દશ જ દિવસમાં ચોખ્ખું ચણાક કરી દીધું છે. બહારથી આવનાર વ્યકિત ભાગ્યે જ માની શકે કે આ આખા શહેરે તાપીના પાણીની નીચે ખાધા પીધા વિના અને ઘોર અંધકારમાં ત્રણ ત્રણ દિવસો અને રાતો ગુજારી હશે.

પૂરના પાણી તો ઉતરી ગયા પણ અફવાના પૂરે શહેરને ભારુ નુકસાન પહોંચાડયું છે. " પ્લેગ આવ્યો " " પ્લેગ આવ્યો " ની કાગારોળે માત્ર સામાન્ય માનવીને જ ધ્રૂજાવી નથી દીધો વિશ્વભરના મીડિયાનો ડોળો ફરીથી સુરત પર મંડરાયો છે. સને ૧૯૯૪ના સપ્ટેમ્બરના એ ન્યૂમોનિક પ્લેગના ગોઝારા દિવસો પુનઃ સ્મૃતિમાં આવી રહયા છે, જયારે વિશ્વના મોટાભાગના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફોરેનર્સને ધ્રૂજાવતા એ ઝળહળતા સાઈન બોર્ડો– " ઈફ યુ આર વિઝિટિંગ ઈન્ડિયા ધેર ઈઝ નો પ્રોબ્લેમ, બટ ઈફ યુ આર વિઝિટિંગ સુરત યુ શુડ બી કેરફૂલ " ફરીથી ઝળહળવા માંડે એવી મેલી મુરાદ ધરાવતા તત્વોએ ફરીથી અફવાઓનો ઉપાડો લીધો છે.

સુરત અને સુરતી એકબીજાનો પર્યાય છે. પ્લેગના એ દિવસોમાં જયારે સુરતમાં રોજીરોટી કમાવા આવેલા લાખો માનવીઓ સુરત છોડી જતા હતા. ત્યારે સુરતના સપૂત અને લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર ભગવતીકુમાર શર્માએ વેદનાભર્યા શબ્દોમાં કંઈક આવું જ લખ્યું હતું. " આ સુરતે અનેક માનવીઓને નામ, દામ અને ઠામ આપ્યા છે. સુરત જયારે જયારે આપત્તિમાં મૂકાયું છે, ત્યારે સુરતને વેશ્યાની જેમ ચૂંથીને હડસેલી દેનાર, આવા માનવીઓ સૌ પહેલાં આ શહેર છોડીને નાસી ગયા છે. " પણ સાચો સુરતી, ભલે તે સુરતમાં જન્મ્યો હોય કે સુરતને કર્મભૂમિ બનાવીને રહયો હોય, હંમેશા સુરતની પડખે રહયો છે. આવા સપૂતોથી જ સુરત હંમેશ ફિનીકસ પંખીની માફક વારંવાર રાખમાંથી બેઠું થયું છે.

સુરત શહેરની ભવ્ય વિરાસતનો પોતીકો પ્રાચીન અને અર્વાચીન ઈતિહાસ છે. " કાશીનું મરણ અને સુરતનું જમણ " એ ઉકિત તો નાના ભૂલકાંઓને પણ મોઢે જ હોય, ઉત્સવપ્રિય અને ભોજનપ્રિય એવા મોજિલા, લહેરી, નિર્મળ હૃદયના અને વિશાળ મનના સૂરતીલાલાઓની આ નગરીએ અનેક ચઢાવ ઉતરાવ નિહાળ્યા છે.

મુઘલ સુબાઓએ બાંધેલા અડીખમ કિલ્લાઓ, હાલમાં જયાંથી મહાનગરપાલિકાનું પ્રશાસન ચાલે છે, તે મુઘલસરાઈ, કલાત્મક ડચ સિમેટ્રી, આર્મેનિયમ સ્થાપત્યો, ઐતિહાસિક હોપપુલ, અંગ્રેજોની પહેલી કોઠી, આયરિશ લોકોએ બાંધેલી શાળાઓ અને વિશાળ દેવળો, ચોર્યાસી બંદરોના વાવટા જયાં ફરકતાએ ડકકા ઓવારો, ચિંતામણીનું નયનરમ્ય દહેરાસર, દૂનિયાના કોઈપણ દેશનું નાણું જયાં વટાવી શકાતું એ નાણાવટ અને શાહસૌદાગરોનો મહોલ્લો સોદાગરવાડ આજે પણ સુરત શહેરના ઐતિહાસિક ભૂતકાળની ગવાહી દેતા અડીખમ ઊભા છે, તો વલ્લભભાઈ પટેલને 'સરદાર' નું બિરૂદ અપાવનાર બારડોલી નગરી, ભીલ અને મરાઠા સરદારોનો ઐતિહાસિક કિલ્લો ધરાવતું ફોર્ટ સોનગઢ, મરાઠા રાજવીઓની આન, બાન અને શાનની પ્રતિતિ કરાવતી ગાયકવાડી નગરી વ્યારા જેવા જિલ્લામાં આવેલા પ્રાંતો પણ પોતીકો ઈતિહાસ ધરાવે છે.

**ફકીરીમાં પણ મોજથી રહેવું, દેવું કરીને પણ શ્રેષ્ઠ પકવાન આરોગવા અને વિશ્વ સમસ્તના ઉત્સવો–તહેવારોને પોતીકા કરી લેવા આ સુરતીલાલાની ખાસિયત છે.**

કડકડતી ઠંડીમાં કુમળા કુમળા જુવારના દાણાના મીઠા પોંકની સંગાથે લીબું મરીની સેવ તથા કતારગામની બે દાણાની મધમીઠી પાપડીમાંથી બનતા ઊંધિયાની જયાફતની મોજ કેવી હોય તે સુરતીલાલાઓ સિવાય કોણ જાણી શકે? ચંદની પડવાના દિને કરોડો રૂપિયાની ઘારી આરોગી જતી તથા મકરસંક્રાંતિના પર્વે કરોડો રૂપિયાના પતંગદોરા આસમાનમાં ઉડાવી દેતી આ પ્રજાના મોજીલાપણાનું ઉદાહરણ બીજે કયાંય શોધવા જવું પડે તેમ નથી. સુરતી પેટન્ટ માંજાની લોકપ્રિયતા તો હવે સાત સમંદર પાર પહોંચી ગઈ છે. સુરતના ડબગરવાડ અને કોટસફિલ રોડ પર તૈયાર થતો અસ્સલ સુરતી માંજો મેળવવા માટે મુંબઈ, દિલ્હી, અમદાવાદ, લખનૌ, અરે, ઠેઠ લંડન અને ન્યુયોર્કથી પણ મહિનાઓ પહેલા પતંગ રસિયાઓના ઓર્ડરો આવી જાય છે.

ખાણીપીણીની શોખીન આ પ્રજા તહેવારો પાછળ પણ એટલી જ ઘેલી છે. ગણેશોત્સવ દરમિયાન શહેરની ગલીએ કલાત્મક તેમજ ધાર્મિક દશ્યો સાથેના શ્રીજીનું સ્થાપન કરીને, સતત દશ દિવસ સુધી ભજનકીર્તન વડે તેની પૂજા અર્ચના કરીને, જયારે અનંતચૌદશના દિને લગભગ નવ થી દશ હજાર ગણેશજીની પ્રતિમાઓનું ધામધૂમથી સરઘસ કાઢીને તેને તાપી મૈયામાં પધરાવવા લઈ જવામાં આવે છે, ત્યારે સુરત શહેરના રાજમાર્ગો પર તેમજ મકાનોની છત પર દસ થી બાર લાખ જેટલા અબાલવૃધ્ધો કીડીયારાંની માફક ઉભરાઈને આ પવિત્ર પ્રસંગને મનભરીને માણે છે.

દર વર્ષે સુરત શહેરમાં નીકળતું લગભગ એકાદ હજાર જેટલા કલાત્મક તાજિયાનું જુલૂસ સુરત શહેર માટે કોમી એકતાનું જવલંત ઉદાહરણ પૂરૂં પાડે છે.

મોજીલા માનવીઓની આ ઐતિહાસિક નગરીએ પ્લેગ જેવી ભયાનક મહામારીનો પણ બહાદુરીપૂર્વક સામનો કરીને, તેમાંથી બોધપાઠ લઈને, વિશ્વ સમસ્તને સ્વચ્છતાના પાઠ શીખવ્યા છે.

વિશાળ ચોખ્ખા રાજમાર્ગો, આકર્ષક ફલાયઓવર્સ, તાપી નદી પર બંધાયેલા સાત સાત પુલો, ગગનબંધી ટેક્ષટાઈલ માર્કેટો, વિશ્વ વિખ્યાત સાડીઓનું ઉત્પાદન કરતી મિલો, ૪૦ જેટલા ઉદ્યાનો–ઉપવનો, ભારતમાં કયાંય જોવા ન મળે તેવા સિનેમાગૃહો, ડાયમંડ નગરો, ખૂબસુરત તરણકુંડો, એશિયાનું સૌથી ખૂબસુરત ઈનડોર સ્ટેડિયમ, રિવોલ્વિંગ રેસ્ટોરાં, મનોરંજન સભર રીસોર્ટસ, વોટરપાર્કસ તેમજ આબાલવૃધ્ધોને પ્રિય એમ્યુઝમેન્ટ પાર્કસ, સુરતની ખૂબસુરતી તથા તેના વિકાસની ગવાહી પૂરે છે.

રાજયની એંશી ટકા જેટલી ખાંડ ઉત્પાદન કરતી દક્ષિણ ગુજરાતની ખાંડ મંડળીઓ જેના પર નિર્ભર છે, તે ગુજરાતની સૌથી મોટી ઉકાઈ–કાકરાપાર જળ યોજના, કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન, સહભાગી વન વ્યવસ્થા વડે એક સમયના જંગલચોરોને વન સંવર્ધનમાં સાંકળવાની વન વિભાગની સફળતમ યોજના થકી નિર્માણ પામેલા ઘનઘોર વનો, મહારાષ્ટ્રની સરહદે સોનગઢથી અદ્યતન કોમ્પ્યુટરાઈઝડ ચેકપોસ્ટ, હજીરાપટ્ટીના અબજો રૂપિયાના ખર્ચે સ્થપાયેલા ગંજાવર ઉદ્યોગગૃહો તથા પ્રગતિશીલ કૃષકોની સમૃધ્ધ સહકારી મંડળીઓ, સુરત જીલ્લાના ગ્રામીણ વિસ્તારની સમૃધ્ધિની ચાડી ખાય છે.

સુરત એ ગુજરાતનો આયનો છે, ગુજરાતનું પ્રતિબિંબ છે. આવા સુરતની બદનામી એ સમગ્ર ગુજરાતની બદનામી છે. વિશ્વભરમાં ગુજરાત તેના જાજરમાન ' એશિયાટિક લાયન ' ના નિવાસસ્થાન માટે જાણીતું છે. ગુજરાત એ લાયનનો પર્યાય છે, કેસરી તરીકે ઓળખાતા લાયનની એ પહેંચાન છે.

અંતમાં આ કેસરીને બદનામ કરવાનો પ્રયાસ કરનારાઓને એટલું જ કહેવાનું કે, ગમે તેવો માતેલો સાંઢ આવીને કેસરીની રાહમાં છીંકોટો નાખવાનું દુઃસાહસ કરશે તો એનો અંજામ સમજાવવાન કેસરીએ જરૂર નથી.

00000

અહેવાલ :– સેસિલ ક્રિસ્ટી, ગુજરાત માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, સુરત.

TOP

# સલામ શહેરે સુરત

## સુરત શહેરે પુનઃ કલીન સીટી બનવા તરફ દોટ મૂકી
## હજારો અધિકારીઓ/કર્મચારીઓએ
## રોગ પ્રતિકારક દવાનો ખાઈને હાથધરેલી સફાઈ ઝુંબેશ રંગ લાવી

**આવતીકાલનો સૂરજ એક નવા જ સૂરતના દર્શન કરશે :**

બે લાખ ટન ઘન કચરાનો નિકાલ કંઈ ખાવાના ખેલ નથીઃ

સુરતીઓ અસલ રંગમાં આવી ગયા

નવરાત્રિ અને દિવાળીની ખરીદી માટે બજારો ઉભરાવવા માંડયા.

**સુરત : સોમવાર** પ્રલયકારી પૂરની આપત્તિનો ભોગ બનેલા સૂરતને ફરીથી તેની અસલી કલીન સિટીની પહેચાન પાછી અપાવવાના વહીવટી તંત્રએ આપેલા કોલને પાળવા તંત્રએ આપેલા કોલને પાળવા તંત્રએ તેની તમામ તાકાત કામે લગાડી દીધી છે, અને આજે સુરતમાં બહારથી આવનાર ટૂરિસ્ટને જો કોઈ એક કહે કે, થોડા દિવસો પહેલાં આ શહેર પાંચ ફૂટથી માંડીને ૧૫ ફૂટ જેટલા પાણીમાં ત્રણ દિવસ સુધી ગરકાવ રહ્યું હતું, તો આ કહેનારને તે પાગલ સમજીને હસી કાડે તો નવાઈ પામવા જેવું નથી, તાપી મૈયાએ વેરેલા વિનાશમાંથી આ શહેર ફરીથી ફિનિકસ પંખીની માફક બેઠું થઈ રહયું છે.

વિશ્વ સમસ્તમાં હીરાની ચમક માટે વિખ્યાત એવા સુરત પર આવી પડેલી આપત્તિથી તેના કેટલાય સ્પર્ધકોને હતું કે, હવે સુરતને તેનું અસ્સલ સ્થાન મેળવતાં વર્ષો નીકળી જશે અને ત્યાં સુધીમાં તેનું સ્થાન ઝૂંટવી લેતાં વાર નહીં લાગે, પણ દુનિયા આખી આંખો ચોળતી થઈ જાય તે ઝડપે સુરત તેના મકામ સુધી પહોંચી ગયું છે. દરરોજના રૂા. ૪૦ કરોડના હીરાની લેવડ–દેવડ કરતું આ શહેર ફરીથી વિશ્વના બજારોમાં તેના ચળકતા હીરા લઈને પહોંચી ગયું છે. સાત હજાર જેટલા હીરાના કારખાના ફરીથી ધમધમતા થઈ ગયા છે. અંદાજે સાત લાખ જેટલા માનવીઓને રોજી રોટી પૂરો પાડતા હીરા ઉદ્યોગે તેની તેજ ગતિ ફરીથી પકડી લીધી છે. અદ્યતન ફાઈવસ્ટાર હોટેલો જેવા ૫૦૦ જેટલા સંપૂર્ણ વાતાનુકૂલિત હીરાના કારખાનાઓમાં યુનિફોર્મ સજજ આકર્ષક અને સ્માર્ટ યુવક યુવતિઓ આ કિંમતી પથ્થરને તરાશતા નજરે પડવા માંડયા છે.

સુરતી લાલાઓ તહેવારો અને ઉજવણીઓ પાછળ ઘેલા છે. શહેરના બજારોમાં ખરીદીની મોસમ છલકાઈ છે. ઓગષ્ટ તથા સપ્ટેમ્બર માસમાં આવતાં સેલ ગ્રાહકોના ટોળેટોળા પોતાની તરફ ખેંચી રહયા છે. સુરતના રાજમાર્ગ પરથી તમે પસાર થાવ તો ઉદભવતી ટ્રાફિકજામની પરિસ્થિતિ જોતા લોકોની ધૂમ ખરીદીનો ખ્યાલ આવી શકે. અંદાજે ૧૫ હજાર જેટલી ગણેશજીની નયનાકર્ષક પ્રતિમાઓનું દરવર્ષે ભકિતભાવ પૂર્વક સ્થાપન કરતું. આ શહેર પૂરના પ્રલયથી સહેજે વિચલિત થયા વિના આ વર્ષે પણ એટલી જ ધામધૂમથી ગણેશોત્સવની તૈયારીઓમાં લાગી ગયું છે. નવરાત્રિની રઢિયાળી રાત્રિઓમાં ગરબે ઘૂમવા યૌવન આભલાવાળા રંગબેરંગી ચણિયા ચોળી તથા ચકાચૌંધ મર્દાના લિંબારા ખરીદવા વસ્ત્રબજારોમાં ઉતરી પડયું છે. ઢબૂકતા ઢોલને સથવારે જયારે આ યૌવન હેલે ચઢશે, ત્યારે સમગ્ર વિશ્વ મોઢામાં આંગળા નાખી જશે એમાં બેમત નથી.

સુરત શહેરને પુનઃ સમુત્કાંતિના પથ પર લઈ જવા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ પ્રશાસને આદરેલો ભગીરથ પુરૂષાર્થ રંગ લાવ્યો છે. નરેન્દ્રભાઈ મોદીએ પૂરની વિકટ પરિસ્થિતિમાં શહેરની છ–છ વાર મુલાકાત લઈને તંત્રને સતત દોરવણી આપી. સતત બે રાત્રિઓ મધરાત સુધી ઉજાગરાઓ વેઠીને, કાદવ–કીચડ ખૂંદી શહેરમાં ઠેર–ઠેર ફરીને સ્વચ્છતા ઝૂંબેશને અદકેરૂ પ્રોત્સાહન પૂરું પાડયું. કચરો વહન કરતાં ભારે વાહનો સરળતાથી તેમજ ઝડપથી કચરાનો નિકાલ કરી શકે તે માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં વાહન કરફયુ લાદવાનું મુખ્યમંત્રીનું સુચન ખૂબ જ ઉપયોગી થઈ પડયું. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ધદષ્ટિ હેઠળ વહીવટીતંત્રે આ પડકારને એક ધર્મયુધ્ધની માફક ઉપાડી લીધો.

૧૦ હજાર કરતાં વધુ સ્વચ્છતા કર્મીઓ અને ૧૮૦૦ જેટલા ડમ્પર્સ, જે.સી.બી., ટ્રેઈલર, ટ્રેકટર્સ તથા ટ્રકોની મદદથી અધધધ કહી શકાય તેટલા ૨.૩૯ લાખ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો. સુરતના તથા બહારથી આવેલા હજારો અધિકારીઓ/કર્મચારીઓમાંથી કેટલાય લોકો અસહય ગંદકીમાં દિનરાત કામ કરવાને કારણે માંદા પડી ગયા પણ તેમણે પોતાના એકમાત્ર લક્ષ્યને ધ્યાનમાં રાખીને પોતાની ફરજ દવાઓ ખાઈને પણ બજાવી. લોકોની ગાળ અને માર સુધ્ધાં ખાઈને માત્ર અને માત્ર શહેરને સ્વચ્છ કરવાના એકમાત્ર ઉદેશ સાથે સ્વચ્છતા ઝૂંબેશમાં મચી પડેલા કર્મચારીઓની જાંબાઝી જોઈને, સુરતીલાલાઓ પણ આ કર્મચારીઓની ઝીંદાદિલીને સલામ કરીને તેમની સાથે જોડાઈ ગયા.

શહેરના લગભગ ૮૫ ટકા વિસ્તારમાં પથરાયેલા કાદવ–કીચડ–ગંદકીના થરો હવે નજરે પડતા નથી. પ્રશાસન ધ્વારા રાઉન્ડ ધી કલોક હાથ ધરાયેલી ઝૂંબેશમાં ૨,૪૫૮ મેટ્રીક ટન જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ૬૦૦ કરતાં વધુ તબીબી ટુકડીઓએ ૨૯ લાખ ૨૭ હજાર માનવીઓને આવરી લઈને પાંચ લાખથી વધુ માનવીઓને ઔષધિઓનું વિતરણ કર્યુ હતું. તેમજ જરૂરિયાતમંદોને શુશ્રૂષા આપી હતી. પાણીજન્ય રોગો અટકાવવાના હેતુથી ૫૦ લાખ કરતા વધુ કલોરિનની ટીકડીઓ નાગરિકોને વહેંચવામાં આવી.

ઉગારરાહત કામગીરીને સ્પર્શે છે ત્યાં સુધી પ્રશાસનની મદદમાં લશ્કરના ૪૨૭ જવાનો અને અર્ધ લશ્કરી દળોના ૧૯૦ જવાનોએ સરાહનીય કામગીરી બજાવી હતી. ૩૩૪ વ્યકિતઓને હેલીકોપ્ટર ધ્વારા ધસમસતા પૂરના પ્રવાહમાંથી ઉગારી લેવાયા. આર્મી તથા મહાનગરપાલિકાની ૪૪ બોટ તથા નજીકના જિલ્લાઓમાંથી આવેલી ૮૦ જેટલી બોટ ધ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ગશત લગાવીને માનવીઓના જીવન બચાવવા ઉપરાંત તેમને ૫ લાખ ૧૫ હજારથી વધુ ફૂડપેકેટોનું વિતરણ કરવામાં આવ્યું. પાણી ઓસરતા શહેર વિસ્તારમાં ૧૫ ટ્રકો ભરીને ફૂડપેકેટો તેમજ રાહત છાવણીઓમાં ૧૨ ટ્રકો ભરીને ફૂડપેકેટોનું વિતરણ કરવામાં આવ્યું. ૩૪૬૬ ટેન્કરો મારફતે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી તેમજ ૧૬ ટ્રકો તથા બે ટ્રેકટર ભરીને પાણીના પાઉચ તથા મીનરલ બોટલનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત ૧૧,૦૨,૪૬૪ પાઉચ તેમજ મીનરલ બોટલનું શહેરમાં વિતરણ પણ કરાયું.

નાગરિકોને આવશ્યક ચીજ–વસ્તુઓનો પુરવઠો સરળતાથી મળી રહે તે માટે પૂરના પાણી ઓસરતાની સાથે શરૂઆતના એક સપ્તાહમાં પૂરગ્રસ્ત વિસ્તારમાં સુરત જિલ્લાના તથા રાજયના ગ્રામીણ વિસ્તારો, મહારાષ્ટ્ર તથા કર્ણાટક જેવા રાજયોમાંથી તાજા શાકભાજીનો જથ્થો નિયમિતપણે વિપુલમાત્રામાં ઠાલવવામાં આવ્યો, અને ૭૦૦૨ ટન તાજા શાકભાજી તેમજ ૭૦.૧૯ લાખ લીટર દૂધનું વિતરણ કરવામાં આવ્યું. નાગરિક પુરવઠા સચિવ શ્રી એસ.કે.નંદાની સીધી નિગરાની હેઠળ બંધ પડેલા તમામ પેટ્રોલપંપ એક સપ્તાહમાં જ પુનઃ ધમધમતા થઈ ગયા. શરૂઆતના સપ્તાહમાં ૧૨,૪૯,૩૬૫ લીટર પેટ્રોલ તેમજ ૯,૧૯,૬૨૦ લીટર ડીઝલનું વિતરણ કરવામાં આવ્યું. ૬ લાખ લીટર કેરોસીન પુરૂં પાડવામાં આવ્યું. જળસંકટગ્રસ્ત સુરત શહેરમાં પ્રજાજનોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની આપૂર્તિ સરળતાથી, સુયોગ્ય રીતે તથા સુચારૂપણે કરી શકાય તે માટેનું જડબેસલાક તંત્ર ગોઠવાઈ ગયું છે, સાથોસાથ વિકટ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવાની નાપાક કોશિષ કરનાર સમાજ વિરોધી તત્વોને સાણસામાં લેવાની પ્રશાસન ધ્વારા કારવાઈ થતા આવા તત્વો ભૂગર્ભમાં પેસી ગયા છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપનીના તમામ ૪,૩૩,૨૯૦ વીજ ગ્રાહકોના ઘરે વીજ દિવડા એક સપ્તાહમાં જ ઝળહળતા થઈ ગયા હતા તેમજ શહેરના મોટાભાગના વિસ્તારને વીજ પૂરવઠો પૂરો પાડતી ટોરેન્ટ કંપનીએ પણ ગણતરીના દિવસોમાં જ વીજ પુરવઠો પુનઃકાર્યાન્વિત કરી દીધો હતો.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુચનાથી ખાસ ફરજ પર સુરત આવેલા અગ્રસચિવશ્રી એસ. આર. રાવ તથા વાહન વ્યવહાર કમિશ્નર ગુરૂપ્રસાદ મહાપાત્ર, કમિશ્નર પંકજ જોષી, કલેકટર વત્સલા વાસુદેવા, પોલીસ કમિશ્નર સુધીર સિંહા અને બહારથી આવેલા સેંકડો અધિકારી/કર્મચારીઓ પૂરના પ્રથમ પાંચ દિવસના જો ૧૨૦ કલાક ગણતરીમાં લઈએ તો ૧૨૦ કલાકમાંથી માંડ પાંચ કલાક ઊંઘ લઈ શકયા.

આપત્તિને અવસરમાં પલટાવવાની ક્ષમતા ધરાવતા સુરતીલાલાઓએ આ કુદરતી આફતને પણ એક પડકાર ગણીને ઝીલી લીધી અને હજારો અબાલવૃધ્ધો પોતાના આ પ્યારા નગરને ખૂબસુરત બનાવવા સ્વૈચ્છિક રીતે પ્રશાસનનો હાથ બટાવવા ઉમટી પડયા.

સુરતીઓ ફરી અસ્સલ મીજાજમાં દેખાય રહયા છે. ફાફડા–ભજીયાની જયાફત ઉડાવી રહયા છે. આપત્તિને ખુમારીભેર અવસરમાં પલટી નાખવી, એ સુરતીલાલાનો સ્વભાવ આ અભૂતપૂર્વ સંકટમાં પણ દૂનિયાને જોવા મળી રહયો છે.

00000

અહેવાલ :– સેસિલ ક્રિસ્ટી, ગુજરાત માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, સુરત.

TOP

## પિતાજીનું અવસાન અને પોતાની માંદગી પણ એની ફરજમાં રૂકાવટ ન બની શકીઃ મહાનગરપાલિકાના અનંતની ફરજ પરસ્તીને સલામ

**સુરત : ગુરૂવાર** આમ તો સુરત મહાનગરપાલિકાના ગંજાવર પ્રશાસનનો એ નાનકડો હિસ્સો છે. પાલિકાના આરોગ્ય વિભાગમાં સેનિટરી સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. તા. ૭મી ઓગષ્ટે શહેરમાં ધસમસતા પૂરના પાણી ચારે દિશામાંથી પ્રવેશી રહ્યા હતા, તે દિવસે જ માંદગીમાં સપડાયેલા અનંત ક્રિશ્ચિયનને હોસ્પિટલમાંથી રજા મળી હતી.

શરીરમાં માંદગીની અસર અને ભારે કમજોરી મહેસૂસ કરતા અનંતે પત્ની ઉષાકિરણના તેને વારવાના અનેક પ્રયાસો છતાં બીજે જ દિવસે ફરજની વાટ પકડી, ડયુટી હતી હજીરા પાસે ખુલ્લી જગ્યા પર હજજારો ટન ગંદકીના ઢગલા વ્યવસ્થિપણે ઠલવાયું તેનું આયોજન નિરીક્ષણ કરવાની, મહાપાલિકાની એ કામચલાઉ વ્યવસ્થા હતી. ટ્રકો સરળતાથી પસાર થઈ શકે તે માટે નિગરાની રાખવા રાત્રે બે વાગે અનંતભાઈ ત્યાં પહોંચ્યો. અંધારૂ ઘોર વાતાવરણ. તેમને કહેવામાં આવ્યું, આ બે વૃક્ષો દેખાય છે, તેની વચ્ચેથી ટ્રકો માટે જવાનો રસ્તો કરવાનો છે. અજવાળું થતાં જ શહેરમાંથી કાદવ કીચડ લઈને ટ્રકોની વણજાર શરૂ થઈ ગઈ. બે વૃક્ષો વચ્ચેનો માર્ગ ખુલ્લો કરાવ્યો. કચરો હટાવવા માંડયા. અચાનક બે દિવસ પછી અનંતના ઘરે ખબર મળ્યા, અમદાવાદ ખાતે અનંતના વયોવૃધ્ધ પિતાજીનું અવસાન થયું છે. અનંત તો રાત્રે બે પહેલા ઘરે પહોંચી શકે તેમ હતું નહીં અને સાઈટ પર ફોન હતો નહીં. જેમ તેમ અનંતને ખબર પહોંચાડવામાં આવ્યા. ઉપરી અધિકારીની રજા લઈ અનંતભાઈ અમદાવાદ પહોંચ્યા. પિતાજીની અંતિમ ક્રિયા આટોપી વળતી ટ્રેને તેમની ફરજ પર હાજર થયા.

બાવીસ ટ્રકો જેટલી ગંદકી ઠલવાઈ ચૂકી હતી. આ કચરો ગણેશ વિસર્જન પહેલાં તો ખજોદ સોલીડ વેસ્ટ પ્લાન્ટ ખાતે તબદિલ કરવાનો હતો, કારણ કે આ સ્થળેથી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન થવાનું હતું. અનંતભાઈએ દિનરાત જોયા વિના એ પડકાર ઝીલી લીધો. પસાર થતા ગામ લોકો કહેતા... વિધ્નહર્તાના વિસર્જનના દિવસે તો શું, આ ઢગલા બે માસ પહેલાં નહીં હટી શકે, અનંતના ઉપરી અધિકારી હેરોલ્ડ કલ્યાણીએ મ્યુનિસિપલ કમિશનર શ્રી પંકજ જોષીને અનંત અને તેના જેવા જવાંમર્દોની તાકાતને આધારે સમયસર ગંદકી હટાવવાનું આપેલું વચન, તેમની ટીમે પાળી બતાવ્યું. ગણેશ વિસર્જનના આગલા દિવસે સાઈટ જોવા આવેલા મહાપાલિકાના કમિશ્નરે ચોખ્ખીચણાક સાઈટ જોઈને અનંતના ઉપરીને અભિનંદન આપ્યા. ઉપરી કલ્યાણીએ અનંતની પીઠ થાબડી, ત્યારે દિવસોની માંદગી, થકાન અને પિતાજીના મૃત્યુનો આઘાત પણ વિસરાઈ ગયા. દેશભરમાં " **સુરત ફર્સ્ટ** " નું દબદબાભર્યુ સ્થાન ભોગવતી સૂરત મહાનગરપાલિકા પાસે આવા સેંકડો ફરજપરસ્ત અનંત હોય ત્યારે અવ્વલ જ રહે ને...

ooooo

અહેવાલ :– સેસિલ ક્રિસ્ટી, ગુજરાત માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, વલસાડ.

TOP